વડીલોને વંદન અભિનંદન

પ્રકાશકુમાર ભાનુભાઈ મહેતા
(૧૯૫૬)ફોન: ૨૩૨૩૮૬૧૦

કનુભાઈ અમૃતલાલ શાહ
(૧૯૩૨)ફોન: ૨૩૨૨૯૩૫૯

શારદાબેન ડુંગાણી
(૧૯૪૫)ફોન: ૨૩૨૨૫૯૨૫



ઠાસરા તાલુકાના અંધાડી ગામે દર વર્ષની જેમ આ વર્ષે પણ મોહરમના ચાલીસા મનાવવામાં આવ્યા હતા. જેમાં અંધાડી પહાડીયા ખાતે તાજીયા દર્શનમાં હજારોની જનમેદની ઉમટી હતી અને તાજીયાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. (તસવીર : શહીદ ચૌહાણ, ઉમરેઠ)

આગામી ૬ઠ્ઠી જાન્યુઆરીએ આખરી મતદાર યાદી પ્રસિધ્ધ કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૫

આગામી લોકસભા ચૂંટણી આજે હવે થોડા મહિનાઓ બાકી રહ્યા છે ત્યારે ચૂંટણી પંચ દ્વારા મતદાર યાદી તૈયાર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આગામી ૬ઠ્ઠી જાન્યુઆરીના રોજ ગુજરાતમાં આખરી મતદાર યાદી પ્રસિધ્ધ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. ચૂંટણીપંચ સાથે સંકળાયેલ સૂત્રો મુજબ ગુજરાતમાં મતદાર યાદી તૈયાર કરવાની કામગીરી છેલ્લા કેટલાક સમયથી હાથ ધરવામાં આવી હતી અને મતદાર યાદીને આખરી કરી દેવામાંઆવી છે. આગામી ૬ઠ્ઠી જાન્યુઆરીના રોજ આખરી મતદાર યાદીને પ્રસિધ્ધ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આખરી મતદાર યાદી પ્રસિધ્ધ કરવામાં આવ્યા બાદ રાજયમાં ૧૮ થી ૨૫ વર્ષની વયના કોઈ યુવાનો મતદાર નોંધણીમાં પોતાનું નામ નોંધાવ્યું ન હોય તો નોંધાવી શકે તે માટે આગામી ૧૧મી જાન્યુઆરીથી પુનઃ એક રાઉન્ડ મતદાર નોંધણીનો શરૂ કરવામાંઆવનાર હોવાનું જાણવા મળે છે.

ગત વિધાનસભા ચૂંટણી પહેલા તૈયાર કરવામાંઆવેલી મતદાર યાદીમાં નવા મતદારો નોંધાતા મતદારોની સંખ્યામાં વધારો થવા પામ્યો છે અને હજુ પણ આગામી દિવસોમાં રાજયમાં નવા મતદારોની સંખ્યા વધે તેવી શકયતાઓ સેવાઈ રહી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ મતદાર યાદીને પ્રસિધ્ધ કરવામાં આવ્યા બાદ મતદારોની સંખ્યાને ધ્યાનમાં રાખીને જો કોઈ જગ્યાએ મતદાન મથકો વધારવાની જરુરીયાત જણાશે તો આ અંગે ચૂંટણી પંચને દરખાસ્ત કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

બારશાખ રાજપુત સમાજનું સ્નેહ સંમેલન

અમદાવાદ બારશાખ રાજપુત જ્ઞાતિ પંચનું જીવનસાથી પસંદગી સંમેલન અને તેજસ્વી તારલાઓનો ઈનામ કાર્યક્રમ તા. ૨૯ ડિસેમ્બર, રવિવાર સોમનાથ મહાદેવ મંદિરની બાજુનું મેદાન, જીવરાજપાર્ક, અમદાવાદ ખાતે યોજવામાં આવશે. જેમાં સમાજના દિનેશભાઈ ચુડાસમા, લાલાભાઈ ચાવડા સહિત અગ્રણીઓએ જ્ઞાતિજનોને ઉપસ્થિત રહેવા જણાવ્યું છે. તેમજ વધુ વિગત માટે ૯૯૦૯૯ ૭૧૬૦૪ પર સંપર્ક કરવો.

દલાલો મારફતે લગ્ન કરતા ચેતજો
પ્રાંતિજનો યુવાન રૂ. ૭૦ હાજરમાં ન્હાયો : પત્ની એક જ દિવસમાં રફુચક્કર

પ્રાંતિજ, તા. ૨૫

પ્રાંતિજ તાલુકામાં છેલ્લા ઘણા સમયથી દલાલો મારફતે લગ્ન માટે પત્ની લાવી આપવાનો રોકડીયો ચીટીંગનો ધંધો ચાલી રહ્યો છે. જેમાં પત્ની લાવવાની લહાયમાં કેટલાય લોકો છેતરપીંડીનો ભોગ બન્યાના કિસ્સા પ્રકાશમાં આવ્યા છે. ત્યારે આવો જ વધુ એક છેતરપીંડીનો પ્રાંતિજમાં બનાવ બનવા પામ્યો છે. જેમાં યુવાન રૂ. ૭૦ હજારમાં ન્હાયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજ શહેરમાં રહેતા એક યુવાનને થોડા સમય પહેલા એક દલાલ સાથે ભેટો થઈ ગયો હતો અને આ યુવાનને આ દલાલે રૂ. ૭૦ હજારમાં રાજસ્થાનથી એક મહિલા લાવી તેના લગ્ન કરાવ્યા હતા અને લગ્નના એક જ દિવસ પછી આ મહિલા કોઈને પણ કહ્યા વગર રાતો રાત પ્રાંતિજથી રફુચકકર થઈ ગઈ હતી. નવપરણિત યુવાને આસપાસમાં તપાસ કરી પણ યુવતીનો કોઈ પત્તો લાગ્યો ન હતો. આથી યુવાનને પોતાની સાથે છેતરપીંડી થઈ હોવાનો અહેસાસ થયો હતો. આમ હાલ આવા દલાલોથી બચીને રહેવાની જરુર હોવાનું પ્રાંતિજમાં ચર્ચાસ્પદ બન્યું છે.

પ્રાંતિજમાં નાતાલ પર્વની ઉજવણીનો ઉલ્લાસભેર પ્રારંભ

પ્રાંતિજ, તા. ૨૫

પ્રાંતિજ રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલી જીવનદ્વાર સંસ્થામાં નાતાલ પર્વની ઉજવણીનો ધામધૂમપૂર્વક શુભારંભ થઈ ગયો છે. જેમાં ભગવાન ઈસુની કલાત્મક આબેહુબ પ્રતિકૃતિ તૈયાર કરી સમગ્ર સંસ્થાને શણગારવામાં આવી છે. પ્રાંતિજ ખાતે ભગવાન ઈસુ ખ્રિસ્તના જન્મદિને જીવનદ્વાર સંસ્થામાં મોટી સંખ્યામાં ખ્રિસ્તી ભાઈ-બહેનો ઉમટી રહ્યા છે અને સામુહિક પ્રાર્થના કરી રહ્યા છે. આ ઉપરાંત સંસ્થા દ્વારા વિવિધ પ્રકારના સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવી રહ્યા છે. આજથી શરૂ થયેલા આ નાતાલ પર્વમાં ૧ જાન્યુઆરી સુધી ભગવાન ઈસુના સંદેશાનું વાંચન અને જીવન ચરિત્રોનું પઠન કરવામાં આવશે.

પ્રાંતિજમાં જમીન રીસર્વેની કામગીરીમાં અસંખ્ય ગોટાળા

પ્રાંતિજ, તા. ૨૫

પ્રાંતિજ તાલુકામાં સરકારની રીસર્વે જમીન કાર્યક્રમ અંતર્ગત ખેડૂતોની જમીનના સર્વેમાં જમીન તથા ક્ષેત્રફળમાં ઉથલ પાથલ થતા તાલુકાના અસંખ્ય ગામડાઓના કિસાનોની જમીનોમાં ગોટાળા ઉભા થતા કિસાનોમાં ભારે રોષ ફેલાયો છે. આ પ્રશ્ને સર્વે કચેરીથી માંડી કલેકટર કચેરી સુધી કિસાનો ધરમધક્કા ખાઈ રહ્યા છે તેમ છતાં કોઈ યોગ્ય પરિણામ ન આવતા કિસાનોએ હવે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી છે.

અવસાન નોંધ

શહેરમાં વસતા પ્રેમીલાબેન દિવાનસિંહ ઝાલાનું અવસાન તા. ૨૪ ડિસેમ્બરના રોજ થયેલ છે. સદગતનું બેસણું તા. ૨૬ ડિસેમ્બર ગુરુવાર સવારે ૮-૦૦ કલાકથી ૧૧ કલાક દરમિયાન તેમના નિવાસસ્થાન પ્લોટ નં. ૩૫૦, અક્ષરદિપ એપાર્ટમેન્ટ, સેકટર-૩૦ અક્ષરધામ સામે ગાંધીનગર ખાતે રાખેલ છે.

બનાસકાંઠા જિલ્લાના મુખ્ય મથક પાલનપુર ખાતે આજે સાંજે આમ આદમી પાર્ટીની વિધિવત રચના કરી પત્રકાર પરીષદ યોજાઈ હતી. આપની રચનાની વાત વાયુવેગે અન્ય બે મુખ્ય પત્રોમાં ફેલાતા બે મુખ્ય પક્ષો સહિત તંત્ર હરકતમાં આવ્યું હતું. આમ આદમી પાર્ટીના કન્વીનર હીદાયતુલ્લાએ પત્રકારોને સંબોધી આપની બનાસકાંઠામાં રચનાની માહિતી આપી હતી. જ્યારે પાલનપુરના સંજય રાવલે આપની બનાસકાંઠાના તમામ તાલુકાઓમાં સભ્ય નોંધણી, આગામી લોકસભાની ચૂંટણીમાં ઉમેદવાર ઉભો રાખવાની માહિતી આપી હતી. સંજય રાવલે જણાવ્યું હતું કે આમ આદમી પાર્ટી બનાસકાંઠામાં હવે નગરપાલિકા થી સંસદ સુધી તમામ લેવલે આવનાર ચૂંટણીઓમાં ભાગ લેશે. આમ આદમી પાર્ટીનો મુખ્ય ઉદેશ ભ્રષ્ટાચાર મુક્ત દેશ છે. છેલ્લે આભારવિધિ રવિ સોનીએ કરી હતી. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

ગુજરાત ભાજપે દર્દીઓને ફ્રુટનું વિતરણ કરી બાજપાઈજીનો જન્મદિન ઉજવ્યો

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત ભાજપ દ્વારા આજે હોસ્પિટલોમાં દર્દીઓને ફળનું વિતરણ કરી પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી બાજપાઈના જન્મદિનની ઉજવણી કરી હતી.

ભાજપના વરિષ્ઠ નેતા અને દેશના પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી બાજપાઈનો આજે જન્મદિન હોઈ પ્રદેશ ભાજપના નેતાઓએ જન્મદિનની શુભેચ્છાઓ પાઠવીને જુદી જુદી રીતે ઉજવ્યો હતો. આજે બરોડા ખાતે પ્રદેશ ભાજપ અધ્યક્ષ આર.સી. ફળદુએ હોસ્પિટલમાં દર્દીઓને ફળોનું વિતરણ કર્યું હતું અને બાજપાઈના જન્મદિનની ઉજવણી કરી હતી. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ પણ પૂર્વ વડાપ્રધાન બાજપાઈજીને જન્મદિનની શુભેચ્છાઓ પાઠવી હતી.

૩૧ માર્ચ સુધીમાં સીસીટીવી લગાવવા કોલેજોને ડેડલાઈન

અમદાવાદ, તા. ૨૫

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા પરીક્ષામાં ગેરરીતી અટકાવવા માટે કમર કસવામાં આવી છે જે અંતર્ગત આગામી પરીક્ષાથી જે સીસીટીવી કેમેરા ન ધરાવતી કોલેજોને પરીક્ષા કેન્દ્ર જ ન ફાળવવાનું નક્કી કરવામાં આવ્યું છે. જેથી પરીક્ષાનું કેન્દ્ર જાળવી રાખવા માંગતી કોલેજોને માર્ચ-એપ્રિલ-૨૦૧૪માં યોજાનાર પરીક્ષા પહેલા કોલેજમાં દરેક કલાસરૂમમાં, લેબોરેટરી, લાયબ્રેરી અને અન્ય સ્થળોએ ફરજિયાત સીસીટીવી કેમેરા લગાવવા આદેશ કરાયો છે.

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા યોજાતી પરીક્ષાઓમાં અવારનવાર ગેરરીતી આચરવામાં આવતી હોવાની ફરીયાદો સામે આવે છે ત્યારે માર્ચ-એપ્રિલ-૨૦૧૪માં યોજાનાર આગામી પરીક્ષામાં ગેરરીતીને ઘટાડવા માટે જીટીયુના વહીવટી તંત્ર દ્વારા કમર કસી લેવામાં આવી છે. જે અંતર્ગત જીટીયુ દ્વારા પરીક્ષા માટે જે કોલેજોને પરીક્ષા કેન્દ્રો ફાળવવામાં આવે છે તે તમામ કોલેજોને સીસીટીવી સર્વેલન્સ સિસ્ટમ ફરજીયાત લગાડવાના આદેશ કરાયા છે. અને આ માટેની સમય મર્યાદા ૩૧ માર્ચ ૨૦૧૪ નક્કી કરવામાં આવી છે. આ સમય મર્યાદા સીસીટીવી નહીં લગાવનાર કોલેજને આગામી માર્ચ-એપ્રિલ-૨૦૧૪માં લેવાનાર પરીક્ષામાં કેન્દ્ર ફાળવવામાં નહીં આવે. આ અંગે જીટીયુના કુલપતિ અક્ષય અગ્રવાલે જણાવ્યું હતું કે પરીક્ષા કેન્દ્રોમાં સીસીટીવી લગાવવાનું ગત વર્ષે જ નક્કી કરી દેવામાં આવ્યું હતું. જો કે ટેકનીકલ કારણોસર તે સમયે સરકાર કોલેજોમાં સીસીટીવી ન લગાવવામાં આવે ત્યાં સુધી ખાનગી કોલેજોને તે માટે ફરજ પાડી શકાય નહીં.

જુસિકાની હોદ્દેદારોની વરણી કરાઈ

શહેરમાં સેવાકીય કાર્ય કરતી જુનિયર સિટિઝન કાઉન્સિલની કારોબારીની મિટીંગ તા. ૨૫ ડિસેમ્બરના રોજ યોજવામાં આવી હતી. જેમાં હોદ્દેદારોની બિનહરીફ વરણી કરવામાં આવી હતી. જુનિયર સિટીઝન કાઉન્સિલની મિટીંગમાં બિનહરીફ વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે બિનેશ વસાવડા, મંત્રી તરીકે રણજીતસિંહ વાઘેલા અને ખજાનચી તરીકે દશરથભાઈ પટેલની વરણી કરવામાં આવી હતી.

શપથ લેશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

કેજરીવાલને મળવા મોકલ્યા હતા. શપથ ગ્રહણની તારીખની જાહેરાત થયા બાદ આમ આદમી પાર્ટી તરફથી કહેવામાં આવ્યું હતું કે, અન્ના હજારે, કિરણ બેદી અને સંતોષ હેગડેને શપથ સમારોહમાં ઉપસ્થિત થવા માટે આમંત્રણ મોકલશે. ટોચના અધિકારીઓએ કહ્યું હતું કે, કેજરીવાલ અને છ ધારાસભ્યો પ્રધાન તરીકેના શપથ લેશે. બે વર્ષ અગાઉ રામલીલા મેદાન ખાતે સામાજિક કાર્યકર અને ગાંધીવાદી નેતા અન્ના હજારેએ જોરદાર આંદોલન ચલાવ્યું હતું. કેબિનેટ પ્રધાનોમાં મનીષ સિસોદિયા, રાખી બિરલા, સોમનાથ ભારતી, સૌરભ ભારદ્વાજ, ગિરીશ સોની અને સતેન્દ્ર જૈનનો સમાવેશ થાય છે. ઉત્તરપ્રદેશના ગાઝિયાબાદ જિલ્લા નજીક કોસંબીના નિવાસી અને હરિયાણામાં જન્મેલા આઈઆઈટી-ખડકપુર ગ્રેજ્યુએટ કેજરીવાલે દિલ્હીમાં યોજાયેલી વિધાનસભાની ચુંટણીમાં દિલ્હીના મુખ્યમંત્રી શીલા દીક્ષિતને ૨૫ હજારથી પણ વધુ મતે હાર આપી હતી. ૪૫ વર્ષીય કેજરીવાલ સોમવારે ઉપરાજયપાલ નજીબ જંગને મળ્યા હતા અને સરકાર રચવાના દાવા સાથે સંબંધિત પત્ર સોંપ્યો હતો. કોંગ્રેસના બહારથી સમર્થન સાથે સંબંધિત આ પત્ર સોંપવામાં આવ્યો હતો. ત્યારબાદ જંગે રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને દરખાસ્ત મોકલી હતી જેમાં સરકાર રચવાના સંદર્ભમાં આમ આદમી પાર્ટીના દાવા અંગે માહિતી આપવામાં આવી હતી. રાષ્ટ્રપતિએ આ દરખાસ્તને મંજુરી આપીને શપથવિધીની તારીખ નક્કી કરવા ફરીથી પત્ર મોકલ્યો હતો. એક વર્ષ જુની આમ આદમી પાર્ટીએ રાજકારણમાં જોરદાર એન્ટ્રી કરી છે. આ પાર્ટીએ હાલમાં જ ૨૮ બેઠકો જીતી હતી. જયારે ભાજપે અકાળીદળ સાથે મળીને ૩૨ બેઠકો જીતી હતી. આમ આદમી પાર્ટીના નેતાઓ કામમાં લાગી ગયા છે. ૨૬ વર્ષીય બિરલાથી ૪૧ વર્ષીય સિસોદીયા કેબિનેટમાં સ્થાન મેળવનાર છે. બિરલાએ ચાર વખતના ધારાસભ્ય રાજકુમાર ચૌહાણને હાર આપી હતી. કેજરીવાલની ટીમમાં રહેલા અન્ય ચેહરા સૌરભ ભારદ્વાજ એન્જીનિયરીંગમાં ગ્રેજ્યુએટ છે.

શબ્દાવલી - ૫૨૬૮



આડી ચાવી

૧. ગાયન કે વાદન (૩)
૪. પરમાત્મા, મનોવૃત્તિ જાણનાર (૪)
૭. મતોની ભિન્નતા, મતભેદ (૬)
૯. ટૂંકી બાયનું ખુલતું એક પહેરણ (૩)
૧૦. તેજ, પુંજ (૨)
૧૨. વિદ્વાન સ્ત્રી (૩)
૧૩. મર્યાદા, માન (૩)
૧૪. કુવામાંથી પાણી કાઢવાનો ચામડાનો કોથળો (૨)
૧૫. રાજારામનું રાજય (૪)
૧૭. બેડોળ, કુબડું (૪)
૧૯. માનવ, માણસ (૩)
૨૦. ગંગા નદી, ગંદ્ય નદીનું એક નામ (૩)

ઊભી ચાવી

૧. અનુમતિ, હકારસુચક કબુલાત (૩)
૨. ગાયન, ગાણુ (૨)
૩. અંધારૂં, અજ્ઞાન (૩)
૪. ગીતમાં મુખડા પછી આવતી કડી (૩)
૫. દહીં કે દૂધની મલાઇ(૨)
૬. ઓછું બોલતી વ્યક્તિ(૪)
૮. એક પ્રકારની ભાજી (૪)
૧૦. એક કંદ જેની સુંઠ બને(૨)
૧૧. યમલોક, યમસ્થાન (૫)
૧૨. લખાણ વાંચતા થોભવાની નિશાની (૫)
૧૪. કોકંબ, એક ખાટું ફળ(૩)
૧૬. પાણી ભરવાનું પાત્ર (૨)
૧૮. રોમ, રૂંવાટી (૨)

શબ્દાવલી પર૬૭ના જવાબ

આડી ચાવી :- (૧) જવનીકા (૪) પવન (૭) યશ (૮) જપ (૧૦) સખ (૧૧) લખપતિ (૧૨) વસમુ (૧૪) જમરૂખ (૧૭) કરડવું (૧૯) રસીદ (૨૦) જરૂખડો (૨૧) મસ્તરામ

ઊભી ચાવી :- (૧) જય (૨) વશ (૩) કાજલ (૫) વસતિ (૬) નખ (૯) પખવાજ (૧૨) વશીકરણ (૧૩) મુકડદમ (૧૫) મશરૂમ (૧૬) ખરડો (૧૮) રસી (૨૦) જરા

મંથર ગતિએ કામગીરી..

● અનુસંધાન પહેલાનું ચાલુ

પણ વધુ કીટની જરુરિયાત છે પરંતુ ૫૦ ટકા જેટલી જ કીટો એજન્સી દ્વારા ફાળવવામાં આવી છે. અમદાવાદ શહેરના રહીશો પણ ગાંધીનગરમાં આધારકાર્ડ માટે આવી રહ્યા હોવાથી રોજે રોજ અહિં ધાડાના ધાડા ખડકલા થાય છે. જયારે ગાંધીનગર શહેરના ઘણા સેકટરોના પીન કોડ નંબર આ સિસ્ટમમાં નહિ હોવાથી લોકોને નિરાશ થઈ પાછા જવું પડે છે. આ ઉપરાંત આધાર કાર્ડ માટેનુ સર્વર પણ ધીમું ચાલતું હોવાની ફરિયાદો સંખ્યાબંધ છે. જે લોકો એ તંત્ર એ અગાઉ યોજેલા ખાસ કેમ્પનો લાભ લઈ અરજીઓ કરી ફોટા પડાવ્યા હતા તેમને હજુ સુધી કાર્ડ નહિ મળ્યાની સેકટર-૧, ૨, ૫, ૪માં ઘણી બધી ફરિયાદો ઉઠી છે. કોઈકને પરિવારમાં માત્ર ૧ જ કાર્ડ મળ્યું છે જયારે પરીવારના અન્ય સભ્યોના કાર્ડ હજુ સુધી નહિ મળ્યાની ફરિયાદો પણ ઉઠી છે.

મળતી વિગતો મુજબ જિલ્લા તંત્ર એ આ અંગે ઉચ્ચ કક્ષાએ વારંવાર લેખિત તેમજ મૌખિક રજુઆતો કરી હોવા છતાં એજન્સીના પેટનું પાણી હાલતું નથી. જિલ્લા કલેકટરશ્રીએ તાજેતરમાં જ આ અંગે સખ્ત નારાજગી વ્યકત કરતો પત્ર લખી સરકારમાં ઉગ્ર રજુઆતો કરી હોવાનું બહાર આવવા પામ્યું છે.

ગાંધીનગર કલેકટર કચેરીમાં આધાર કાર્ડ માટે ચોથા મજલે જગ્યા ફાળવવાને લઈ પણ નગરજનોમાં રોષ પ્રવર્તી રહ્યો છે. ગાંધીનગરમાં ૧૫ હજાર કરતાં પણ નિવૃત્ત અધિકારીઓ વસવાટ કરી રહ્યા છે ત્યારે તંત્ર એ તેમની વયને ધ્યાને રાખી યોગ્ય વ્યવસ્થા કરવી જોઈએ તેવી પણ માંગ ઉઠી છે. તો આધાર કાર્ડ માટે જે જગ્યા ફાળવવામાં આવી છે ત્યાં બેસવા માટે સારી વ્યવસ્થા કરવાની અને માર્ગદર્શન મળી રહે તે માટે સૂચના બોર્ડ લગાવવાની પણ માંગ ઉઠી છે.

કંપની સમાચાર

વોડાફોન અને આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા ગુજરાતમાં 'એમ-પેસા' સુવિધાની રજૂઆત

'એમ-પેસા' મોબાઈલ ફોન મારફત નાણાંની આપલે અને ચુકવણીને સરળ બનાવે છે

ભારતમાં ટેલિકમ્યુનિકેશન્સ સેવા પૂરી પાડતી સૌથી વિશાળ કંપનીઓ પૈકીની એક એવી વોડાફોન ઈન્ડિયા અને દેશના ખાનગી ક્ષેત્રની સૌથી વિશાળ બેન્ક આઈસીઆઈસીઆઈ બેન્કને આજે ગુજરાતમાં 'એમ-પેસા'ની રજૂઆતની જાહેરાત કરી છે. 'એમ-પેસા'એ મોબાઈલ દ્વારા નાણાની આપલે અને ચૂકવણીની સુવિધા આપતી અનોખી સેવા છે. 'એમ-પેસા'એ વોડાફોનનો ટ્રેડમાર્ક છે. ભુવનેશ પ્રતાપસિંહ, વોડાફોનના ઓપરેશન્સ ડિરેક્ટર (વેસ્ટ), બજેશ બાજપાઈ, બિઝનેસ હેડ (ગુજરાત) અને સુરેશ સેઠી, બિઝનેશ હેડ)એમ-પેસા) વગેરે જેવા વોડાફોન ઈન્ડિયાના વરિષ્ઠ અધિકારીઓ દ્વારા આજે આ સેવાની ઔપચારીક રીતે રજૂઆત કરવામાં આવી હતી. 'એમ-પેસા'વડે દેશના બેન્કિંગ સેવાથી વંચિત અને જેમના સુધી હજુ સુધી બેન્કિંગના લાભ પહોંચ્યા નથી એવો વર્ગ મોબાઈલ ફોન દ્વારા નાણાંકીય સેવાનો લાભ મેળવી શકે છે. મોબાઈલ દ્વારા ચૂકવણીના ક્ષેત્રે વોડાફોનની આંતરરાષ્ટ્રીય સ્તરની નિપૂણતા અને ભારતમાં કંપનીના નોંધપાત્ર સ્તરના વિતરણના માળખાની સાથોસાથ આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા પૂરી પડાયેલી નાણાંકીય વિનિમયની સુરક્ષાના સંયુક્ત સામર્થ્યનો 'એમ-પેસાને અસરકારક રીતે લાભ મળ્યો છે. ગુજરાતમાં વોડાફોનના ૩૧૨ એકસકલુઝિવ રિટેલ સ્ટોર્સ/મિની સ્ટોર્સ તથા વોડાફોનના વિશિષ્ટ તાલીમ પામેલા ૨૦૦૦ અધિકૃત એજન્ટસ મારફત ૨૯ જિલ્લા અને ૧૭૦ તાલુકામાં આ સેવા હવે ઉપલ્બ્ધ બનશે.

ભગવાનનો દેહાવતાર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બાકી બે વચનોની પૂર્તિના સંદર્ભમાં રામનો વનવાસ, મહારાજા દશરથનો રામવિયોગમાં દેહત્યાગ, ગૃહરાજ કેવટ દ્વારા ગંગા પાર કરાવવાનો પ્રસંગ, વનમાં રામ-ભરત મિલાપ, રામની ચરણપાદુકા સાથે ભરતનું અયોધ્યા પ્રત્યાગમન. વનમાં ઋષિઓનો મેળાપ તથા સત્સંગ, સોનેરી મૃગ-મારીચનો વધ, સીતાજીનું રાવણ દ્વારા અપહરણ, ઘાયલ જટાયુ સાથે રામનો મેળાપ તથા તેનો મોક્ષ, પંચવટીમાં રામનું આગમન, કિષ્કિન્ધામાં સુગ્રીવ-હનુમાનજી સાથે મેળાપ. વાલીનો વધ, સીતાજીની શોધમાં હનુમાનજીની સફળતા, લંકાદહન, સાગરપાર જવા પ્રયાણ, રાવણના પુત્ર મેઘનાદ સાથે યુધ્ધ, તેનો વધ, લક્ષ્મણની મુર્છા, હનુમાનજી દ્વારા સંજીવની લવાઈ, કુંભકર્ણ સાથે યુદ્ધ, અંતે રાવણ સાથે યુદ્ધ અને રાવણવધ. સીતાનું રામ પાસે આગમન. વિભીષણનો રાજયાભિષેક અને પુષ્પક વિમાનમાં સમગ્ર સેના સાથે અયોધ્યા ખાતે પ્રત્યાગમન. રામનો રાજયાભિષેક, લોકાપવાદને કારણે સગર્ભા સીતાનો રામ દ્વારા ત્યાગ અને વાલ્મીકિ આશ્રમમાં જોડિયા પુત્રો લવ-કુશનો જન્મ વગેરે પ્રસંગો વર્ણવવામાં આવ્યા હતા.

રામકથા પછી ચંદ્રવંશના રાજાઓની કથામાં યયાતિ તેની પત્ની બ્રાહ્મણપુત્રી દેવયાની તેની દાસી શર્મિષ્ઠાની કથા આવી. પછી ચ્યવનમુનાની કથા, પરશુરામ અવતારની કથા, દાનેશ્વરી રંતિદેવની કથા અને ત્યાર પછી યદુવંશના યાદવોની કથા આવી. ભજન-ગીતો સાથે પુષ્પવર્ષા કરીને ભગવાન કૃષ્ણના જન્મની આનંદભેર ઉજવણી કરવામાં આવી. જેમાં ભાવિક શ્રોતાઓ મન મૂકીને નાચ્યા કુદ્યા હતા.

ચોથા દિવસે મધ્યપ્રવાહે પહોંચેલી કથામાં શ્રીરામ ચરિત્ર અને શ્રીકૃષ્ણજન્મ પછી વિરામને અંતે આજે પાંચમા દિવસે તા. ૨૫-૧૨-૨૦૧૩ના દિવસે આગળ વધતાં કથાપ્રવાહમાં શ્રોતાઓને ડૂબકી લગાવડાવતાં પૂ. ગુરૂમાએ કૃષ્ણચરિત્રને આગળ ધપાવ્યું.

પૃથ્વી પર ભગવાનનો દેહાવતાર ભકતોની રક્ષા, દુષ્ટોનો નાશ અને ધર્મની રક્ષા કાજે થાય છે. મથુરાના કારાગારમાં વસુદેવ-દેવકીના આઠમા સંતાન તરીકે અવતરેલ ચતુર્ભુત નારાયણનું દિવ્ય સ્વરૂપ જોઈ નતમસ્તક બની વસુદેવ-દેવકી પ્રાર્થના કરીને કહે છે, આપ તો સાક્ષાત પરમાત્મા, પરમાનંદ ઘનસ્વરૂપ, દ્રષ્ટા અને સાથી રૂપે સર્વજીવોમાં છો. સર્વજ્ઞ, સર્વશકિતમાન પ્રભુને ચતુર્ભુજરૂપનો ત્યાગ કરી શિશુસ્વરૂપ ધારણ કરવા માતા પિતાએ વિનંતી કરી ત્યારે તેમને પુર્વજન્મનું સ્મરણ કરાવીને પ્રભુ શિશુસ્વરૂપ બન્યા અને પ્રેરણા કરી કે સત્વરે તેમને ગોકુળમાં નંદરાજાને ત્યાં પહોંચાડવામાં આવે અને ત્યાં જન્મેલ યોગમાયાને અત્રે લાવે. વસુદેવજીએ શિશુરૂપ ભગવાનને એક કરંડિયામાં સુવાડયા અને બહાર નીકળવા ગયા ત્યારે યોગમાયાના પ્રતાપે સઘળા પહેરગીરો નિંદ્રાવશ થયા. સઘળા દ્વારા ફટાફટ ખૂલી ગયા. બહાર ઝરમર વરસતા વરસાદથી રક્ષવા વસુદેવે પોતાનું અંગવસ્ત્ર ઓઢાડયું. અને મોટાભાઈ શેષનાગે છત્રછાયા કરી અને વસુદેવજી યમુના નદીએ આવ્યા. યમુનાનાં ઉછળતાં પાણીમાં ઊતર્યા ત્યારે વધુ ઊછળતાં પાણી શાંત થાય તે માટે યમુનાની આતુરતા સંતોષવા ભગવાને પોતાનો પગ લાંબો કરી સ્પર્શ કર્યો. પાણી શાંત થયાં, નદીમાં માર્ગ થયો અને વસુદેવજી ગોકુળમાં નંદજીને ઘેર પહોત્યા, તુર્ત જન્મેલી યશોદાની પુત્રી (યોગમાયા)ને લઈ તેના સ્થાને કૃષ્ણને સુવડાવી પાછા વળ્યા. જેવા કારાગૃહમાં આગળ વધતા ગયા કે બધા જ ઉઘાડા દ્વાર બંધ થતા ગયાં. પહેરગીરો પણ દેવકી પાસે પહોંચેલી યોગમાયાના રુદનથી જાગ્યા અને કંસને સમાચાર આપ્યા. ભર ઉંઘમાંથી ઊઠી કંસ ત્યાં આવ્યો અને આઠમા પુત્રને બદલે પુત્રી જોઈ તેને ભીંતે અથડાવી મારવા જતા તે આકાશમાર્ગે ગઈ અને બોલતી ગઈ કે તારો મારનાર તો ગોકુળમાં જન્મી ચૂકયો છે.

સિગ્નેચર બ્રિજનું કામ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રહ્યું છે. રાયસણ ઈન્સ્ટીટયૂટથી પુરી ફાઉન્ડેશન અને ગીફટસીટીને જોડતા આ સિગ્નેચર બ્રિજનું કામ છેલ્લા ત્રણ મહિનાથી શરુ કરવામાં આવ્યું છે. સમગ્ર રાજયમાં પ્રથમવાર કેબલ સ્ટેઈડ બ્રિજ બાંધવા માટે કામ હાથ ધરાયું છે. નમૂનારૂપ બ્રિજ બાંધવા માટે રૂ. ૯૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જયારે આ બ્રિજ નિર્માણનું કામ માર્ચ ૨૦૧૫ સુધીમાં પૂર્ણ કરી દેવાશે. બ્રિજ તૈયાર થઈ ગયા બાદ ગીફટ સીટી સાથેનું જોડાણ સરળ અને ઝડપી બનશે. આ ઉપરાંત વાહન વ્યવહારની અવર જવરમાં પણ ટ્રાફિકની દ્રષ્ટિએ રાહત રહેશે. જયારે અમદાવાદથી ચિલોડા તરફ જતા ટ્રાફિકને પણ વાયા ગાંધીનગર જવું પડશે નહીં.

ટચૂકડી જાહેર ખબર
● કીટ્ટી પાર્ટી
● બર્થ-ડે પાર્ટી
● ક્રીસમસ પાર્ટી
કે અન્ય સામાજીક કાર્યક્રમમાં
મેજીક-શો
કરવા માટે
સંપર્ક : ૨૩૨૨૬૮૭૦
મો. : ૯૪૦૮૮ ૬૬૨૨

વાઘેલા ક્લિનીંગ
સોફા સેટ, ચેર, શેમ્પુ, હોમ, ઓફીસ, પાણીની ટાંકી, ડ્રેનેજ લાઈન, ખાળકુવા, ચેમ્બરની સાફ-સફાઈ કરવા માટે
મો. : ૯૮૨૪૯ ૫૬૦૧૫